# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, મુદ્રા યોજનાએ અસંખ્ય લોકોને ઉદ્યોગસાહસિકતા કૌશલ્ય દર્શાવવાની તક આપી છે
2) દુબઇના ક્રાઉન પ્રિન્સ અને નાયબ પ્રધાનમંત્રી શેખ હમદાન બિન મોહમ્મદ અલ મક્તુમ આજે ભારતનાં બે દિવસનાં પ્રવાસે આવ્યા
3) આજથી દેશભરમાં પોષણ પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ
4) ગઈકાલનાં ભારે કડાકા બાદ ભારતીય બજારોના સૂચકાંકો તેજીમાં
5) આજે આઇપીએલમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ તથા પંજાબ કિંગ્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો

.................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી બે વાગીને 30 મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# REV. PM - MUDRA YOJANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, દરેક મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકને ધિરાણની સુવિધા મળે અને વિકાસની તક મળે તે માટે તેમની સરકાર એક મજબૂત માળખું સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખશે. પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના 10 વર્ષ થવા અંગે શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં વધુમાં જણાવ્યું કે મુદ્રા લાભાર્થીઓમાંથી અડધા SC, ST અને OBC સમુદાયોના છે, અને 70 ટકાથી વધુ લાભાર્થીઓ મહિલાઓ છે. તેમણે ઉમેર્યું હતું કે આ યોજનાએ નાણાકીય સમાવેશ ઉપરાંત સામાજિક સમાવેશ અને આર્થિક સ્વતંત્રતા પણ સુનિશ્ચિત કરી છે.

પ્રધાનમંત્રી મોદીએ તેમના નિવાસસ્થાને આ યોજનાના લાભાર્થીઓ સાથે વાતચીત કરતાં ભાર મૂક્યો હતો કે મુદ્રા યોજનાએ અસંખ્ય લોકોને ઉદ્યોગસાહસિક કૌશલ્ય દર્શાવવાની તકો આપી છે.

(બાઈટ – પીએમ મુદ્રા યોજના)

લાભાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન તેમણે ભાર મૂક્યો કે આ યોજનાનો હેતુ યુવાનોને સશક્ત, આત્મનિર્ભર અને આત્મવિશ્વાસુ બનાવવાનો છે. શ્રી મોદી સાથે વાત કરતાં એક લાભાર્થીએ પોતાનો પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ- લાભાર્થી)

**ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી મુદ્રા યોજના સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોને 20 લાખ રૂપિયા સુધીની મુક્ત લોન પૂરી પાડે છે. છેલ્લા દસ વર્ષમાં, આ યોજના હેઠળ લગભગ 33 લાખ કરોડ રૂપિયાની 52 કરોડથી વધુ લોન મંજૂર કરવામાં આવી છે.**

. . . . . . . . . . . . . . . .

## DAY-DUBAI CROWN PRINCE

દુબઈના ક્રાઉન પ્રિન્સ અને યુએઈના નાયબ પ્રધાનમંત્રી તથા સંરક્ષણમંત્રી શેખ હમદાન બિન મોહમ્મદ અલ મક્તૂમ આજે ભારતની બે દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. દિલ્લી હવાઈ મથકે રાજ્યમંત્રી સુરેશ ગોપી દ્વારા તેમનું કરવામાં આવ્યું હતું. તેમની સાથે અનેક મંત્રીઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને ઉચ્ચ સ્તરીય વ્યાપારી પ્રતિનિધિમંડળ ભારતની મુલાકાતે આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તેમના ભોજનનું આયોજન કરશે. દુબઈના ક્રાઉન પ્રિન્સ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ સાથે પણ મુલાકાત કરશે.

તેઓ સાંજે મુંબઈ જશે અને બંને દેશોના અગ્રણી વ્યાપારી નેતાઓ સાથે રાઉન્ડ ટેબલમાં ભાગ લેશે. ક્રાઉન પ્રિન્સની આ મુલાકાત ભારત-યુએઇ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે અને દુબઈ સાથે બહુપક્ષીય સંબંધોને મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . .

## JK HURRIYAT CONFERENCE

જમ્મુ અને કાશ્મીરમાં વધુ ત્રણ રાજકીય સંગઠનોએ અલગતાવાદી હુર્રિયત કોન્ફરન્સથી પોતાને અલગ કરી દીધા છે. તેમાં જમ્મુ કાશ્મીર ઇસ્લામિક રાજકીય પક્ષ, જમ્મુ અને કાશ્મીર મુસ્લિમ ડેમોક્રેટિક લીગ અને કાશ્મીર ફ્રીડમ ફ્રન્ટનો સમાવેશ થાય છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ પગલાનું સ્વાગત કર્યું છે. તેમણે કહ્યું કે આ ભારતના બંધારણમાં લોકોના વિશ્વાસનું મજબૂત પ્રતિબિંબ છે. અત્યાર સુધીમાં અગિયાર સંગઠનો અલગતાવાદથી દૂર થયા છે.

જમ્મુ-કાશ્મીરની ત્રણ દિવસની મુલાકાતના અંતિમ દિવસે  કેન્દ્રીય ગૃહમંત્રી આજે વિકાસલક્ષી પરિયોજનાઓની સમીક્ષા કરવા માટે શ્રીનગરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરશે. તેઓ 3જી જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રાની તૈયારીઓ સહિત વ્યાપક સુરક્ષા સમીક્ષાનું નેતૃત્વ પણ કરશે.

. . . . . . . . . . . . . . . .

## POSHAN PAKHWADA

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે આજથી પોષણ પખવાડિયાની ઉજવણી શરૂ કરી છે. દેશભરમાંથી કુપોષણ દૂર કરવાની સરકારની પ્રતિબધ્ધતાનાં ભાગ રૂપે આયોજિત આ કાર્યક્રમ 22 એપ્રિલ સુધી ચાલશે.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી પખવાડિયાનાં પ્રથમ સપ્તાહમાં અરુણાચલ પ્રદેશની મુલાકાત લેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા પોષણ અભિયાનનો ઉદ્દેશ સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, કિશોરીઓ અને છ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પોષણ પૂરું પાડવાનો છે.

દેશભરમાં વર્ષમાં બે વાર સપ્ટેમ્બર અને માર્ચ-એપ્રિલ માસમાં અનુક્રમે 'પોષણ માસ' અને 'પોષણ પખવાડિયું' ઉજવવામાં આવે છે.

. . . . . . . . . . . . . . .

# TELANGANA-HC-BLAST CASE

તેલંગાણા વડી અદાલતે વર્ષ 2013ના દિલસુખનગર બે બોમ્બ વિસ્ફોટ કેસમાં પાંચ દોષિતોની મૃત્યુદંડની સજાને યથાવત રાખી છે. અદાલતે દોષિતોએ દાખલ કરેલી અરજીઓને પણ ફગાવી દીધી છે. રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NIAની એક વિશેષ અદાલતે યાસીન ભટકલ,

ઝિયા-ઉર-રહેમાન ઉર્ફે વકાસ, અસદુલ્લાહ અખ્તર ઉર્ફે હદ્દી, તેહસીન અખ્તર અને એઝાઝ શેખને બે વિસ્ફોટોમાં તેમની ભૂમિકા બદલ મૃત્યુદંડની સજા ફરમાવી છે, જેમાં 18 લોકો માર્યા ગયા હતા અને 130 થી વધુ ઘાયલ થયા હતા. આ વિસ્ફોટ 21 ફેબ્રુઆરી 2013 ના રોજ હૈદરાબાદના દિલસુખનગર બજારમાં થયા હતા.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## SENSEX

શેરબજારમાં ગઇકાલના ભારે કડાકા બાદ આજે સુધારો જોવા મળ્યો હતો.. આજે સવારે શેરબજાર ઉછાળા સાથે ખુલ્યુ હતું... વૈશ્વિક બજારોમાં સકારાત્મક પ્રતિસાદને કારણે સેન્સેક્સ એક હજાર એક સો પોઇન્ટ કરતાં

વધુ ઉછળ્યો હતો.. જ્યારે નિફ્ટીમાં પણ પાંચસો પોઇન્ટ સુધીનો ઉછાળો નોંધાયો હતો.

ટાઇટન, લાર્સન એન્ડ ટુબ્રો  સહિતના શેરોમાં લેવાલીના પગલે હાલમાં સેન્સેક્સ એક હજાર પાંચસો કરતાં વધુ અને નિફ્ટી 480 અંક કરતાં વધુના ઉછાળા સાથે કામકાજ કરે છે.

. . . . . . . . . . . . . . .

## IPL

આજે IPLમાં બે મેચ રમાશે. પહેલી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે કોલકાતામાં બપોરે 3.30 વાગ્યે રમાશે. બીજી મેચ 7.30 વાગ્યે પંજાબ કિંગ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે ચંદીગઢમાં રમાશે.

IPLમાં ગઇકાલે  રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈ ઇન્ડિયન્સને 12 રને હરાવ્યું.

ગઈકાલે મુંબઈમાં રમાયેલી મેચમાં બેંગ્લોરે મુંબઈને પ્રથમ બેટિંગ કરતા પાંચ વિકેટે 221 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરતાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 209 રન જ બનાવી શકી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SITHARAMAN UK VISIT

નાણામંત્રી નિર્મલા સીતારમણ યુરોપના છ દિવસના સત્તાવાર પ્રવાસના પહેલા તબક્કામાં ગઇકાલે સાંજે લંડન પહોંચ્યા હતા જ્યાં ભારતીય હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામીએ તેમનું હીથ્રો એરપોર્ટ પર સ્વાગત કર્યું.

નાણામંત્રી આજે લંડનમાં ભારતીય હાઈ કમિશન ખાતે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સની ભાગીદારીમાં આયોજિત સંવાદ સત્રમાં હાજરી આપશે અને આવતીકાલે તેઓ મંત્રી સ્તરના ભારત-યુકે આર્થિક અને નાણાકીય સંવાદના 13મા તબક્કામાં ભાગ લેશે,

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHINA-US TARIFF RESPONSE

**ચીનની ચીજવસ્તુઓ પર વધારાની 50 ટકા ટેરિફ લાદવાની અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીનાં જવાબમાં ચીને કડક પ્રતિક્રિયા આપી છે. ચીનનાં વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, તે અમેરિકાની બ્લેકમેલ પધ્ધતિને ક્યારેય સ્વીકારશે નહીં અને વધી રહેલા વેપારી વિવાદના અંત સુધી લડશે.**

જો વધારાના ટેરિફ લાદવામાં આવશે તો ચીનમાંથી થતી કેટલીક ચીજોની આયાત પર કુલ 104 ટકા ટેક્સ થઈ જશે. દરમિયાન, ચીનની સરકારી માલિકીની કંપનીઓ બજારનાં સમર્થનમાં આગળ આવી છે. તેમણે ચીનના અર્થતંત્રને મદદ કરવાનું વચન આપ્યું છે.

ચીનની નાણાકીય નિયમનકાર શેરબજારમાં વધુ ઇન્શ્યોરન્સ ફન્ડને મંજૂરી આપવાની યોજના ધરાવે છે.

. . . . . . . . . . . . . . . .

# REV. WORLD LAEDERS - US TARIFFS

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તાજેતરમાં ટેરિફની જાહેરાત બાદ યુરોપિયન શેરબજારો ગઈકાલે સતત ચોથા સત્રમાં ઘટ્યા હતા. દરમિયાન, વધતા વેપાર તણાવને પગલે વૈશ્વિક શેરબજારોમાં ઉથલપાથલ વચ્ચે, વિશ્વભરના નેતાઓએ ટ્રમ્પના ટેરિફ પગલાંનો વિરોધ કર્યો છે.

બ્રિટનના પ્રધાનમંત્રી  કીર સ્ટાર્મરે કહ્યું છે કે તાજેતરમાં બ્રિટિશ માલ પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી ટેરિફ વૈશ્વિક અર્થતંત્ર અને બ્રિટનના ઔદ્યોગિક ક્ષેત્ર બંને માટે ગંભીર ખતરો છે.

રશિયન પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે અમેરિકા પર વૈશ્વિક આર્થિક સ્થિરતાને નબળી પાડવાનો આરોપ લગાવ્યો હતો.

દરમિયાન, બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર પ્રોફેસર મુહમ્મદ યુનુસે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને એક પત્ર મોકલ્યો છે. પત્રમાં બાંગ્લાદેશી ઉત્પાદનો પર 37 ટકા યુએસ પારસ્પરિક ટેરિફ ત્રણ મહિના સુધી મુલતવી રાખવા વિનંતી કરી છે

. . . . . . . . . . . . . . . .